સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવે છે.... **ઉમેદવારો નક્કી કરવા બે દિવસીય સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ થતા રાજકીય માહોલમાં**

પંચમહાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભાજપની સેન્સ પ્રક્રિયા

સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવારોના નામ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.1

પંચમહાલ જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનારી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાની ચૂંટણીઓને લઈને ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ કમર કસી લીધી છે. ચૂંટણીની સત્તાવાર જાહેરાત થાય તે પહેલાં જ ભાજપે ગ્રાઉન્ડ લેવલે સઘન તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે પ્રદેશ કક્ષાએથી આવેલા ૬ નિરીક્ષકોની અધ્યક્ષતામાં પંચમહાલમાં ઉમેદવારોની પસંદગી માટેની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં કુલ ૧૭૮ તાલુકા પંચાયત, ૩૮ જિલ્લા પંચાયત અને ૨ નગરપાલિકાની બેઠકો માટે આગામી સમયમાં મતદાન યોજાવાનું છે. આ તમામ બેઠકો પર સક્ષમ ઉમેદવારો નક્કી કરવા માટે ભાજપની પરંપરાગત પ્રણાલી મુજબ કવાયત શરૂ કરી દેવામાં આવી છે. આ સેન્સ પ્રક્રિયા અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઇચ્છુક તમામ દાવેદારો સૌપ્રથમ પોતાનું દાવેદારી ફોર્મ અને રજૂઆતો નિરીક્ષકો સમક્ષ કરશે. ટિકિટ વાંચ્છુઓને સાંભળીને જમીની હકીકતનો તાગ મેળવવામાં આવશે.

આ સમગ્ર સેન્સ પ્રક્રિયા બે દિવસ સુધી ચાલશે, જેને સરળતા ખાતર બે અલગ-અલગ ઝોન મુજબ વિભાજિત કરવામાં આવી છે. આ કાર્ય માટે પ્રદેશ નેતૃત્વ દ્વારા મોકલવામાં આવેલી બે ટીમોના ૬ નિરીક્ષકો ઉપસ્થિત રહ્યા છે. જેમાં ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, પ્રદેશ મંત્રી કૈલાશબેન ગામીત, પ્રદેશ કારોબારી સભ્ય રામજીભાઈ માવણી તેમજ બીજી ટીમમાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, જનકભાઈ બગદાણા અને સીતાબેન નાયકનો સમાવેશ થાય છે. આ આગેવાનોની હાજરીમાં સ્થાનિક કાર્યકરોનો મિજાજ જાણીને ચૂંટણી માટેની વ્યૂહરચના ઘડવામાં આવી રહી છે.

પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયંક દેસાઈએ જણાવ્યું કે, પ્રદેશ નેતૃત્વની સૂચના મુજબ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે જિલ્લા કાર્યાલય ખાતે નિરીક્ષકોની હાજરીમાં સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ પ્રક્રિયામાં ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારો પોતાની દાવેદારી રજૂ કરી રહ્યા છે. આ સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવારોના નામ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

આમ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના મામલે સમગ્ર જિલ્લામાં હાલ રાજકીય ગરમાવા સાથે ઉમેદવારો અને તેમના મળતીયાઓ પોતાનુ જોર વધે તે માટે મચી પડેલા જોવા મળે છે હવે જોવુ એ રહ્યુ કે ચૂંટણીઓમાં કોનુ બ્યુગલ વાગશે અને કોનુ ફાટશે ?

કાલોલના એમજીએસ ગરનાળા પાસેની ઘટના

રાત્રીનાં સમયે નશાની હાલતમા કાર ચલાવતા આપના પ્રભારી નેતા ઝડપાયા

(પ્રતિનિધિ) સુખસર, તા.1

પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અગાઉ રાજકારણમાં ગરમાવો આવ્યો છે પંચમહાલ જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તાલુકા અને જીલ્લા પંચાયત તેમજ નગર પાલિકા ચૂંટણી માટે તમામ રાજકીય પાર્ટીના અધ્યક્ષ દ્વારા પ્રભારીની નિમણૂક કરી જવાબદારી સોંપવામાં આવેલ છે.પ્રભારી દ્વારા સ્થાનિક ઉમેદવારોના સેન્સ પ્રક્રિયા અલગ અલગ ઝોન મુજબ લેવામાં આવે છે અને પ્રભારી દ્વારા સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી માટે કેપેબલ ઉમેદવાર ની યાદી રાજકીય પાર્ટીના અધ્યક્ષ સુધી પહોંચાડી દેવામાં આવે છે ત્યારે કાલોલ આમ આદમી પાર્ટી વિધાનસભાનાં પ્રભારી રાત્રી નાં સમયે નશા ની હાલત માં ઝડપાયો હતો જેથી કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા રાજકારણ માં ગરમાવો જોવા મળ્યો કાલોલ પોલીસ સ્ટેશન નાં પોલીસ ઈન્સ્પેકટર આર.ડી.ભરવાડ તથા પોલીસ સ્ટાફ નાં માણસો નાઈટ પેટ્રોલિંગ માં હતા તે દરમ્યાન એમજીએસ હાઈસ્કુલના ગરનાળા પાસે આમ આદમી પાર્ટીનાં કાલોલ વિધાનસભાનાં હાલનાં પ્રભારી રાજેન્દ્રસિંહ સુરસંગજી ડાભી મૂળ રેહવાસી.વચલી શેરી ડાંગરવા તાલૂકા .કડી જી.મહેસાણા હાલ રેહવાસી.સંજીવની હોસ્પિટલ પાછળ કાલોલ તા.કાલોલ જી.પંચમહાલ નાઓ નશો કરેલ હાલતમાં પોતાની કબ્જા ની ફોરવ્હીલ ગાડી ગફલતભરી રીતે પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં ગાડી હંકારતા નાઈટ પેટ્રોલીંગ તપાસ દરમિયાન ઝડપાયા જેથી તેઓના વિરુદ્ધમાં કાલોલ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ થતાં રાજકારણ માં ખળભળાટ મચી ગયો છે કાલોલ આમ આદમી પાર્ટી વિધાનસભાનાં પ્રભારી રાત્રી નાં સમયે નશા ની હાલત માં ઝડપાતા તેઓના વિરુદ્ધમાં કાલોલ પોલીસ સ્ટેશન ખાતે બી.એન.એસ.૨૦૨૩ ની કલમ ૨૮૧, એમ.વી.એક્ટ કલમ-૧૮૫,૩,૧૮૧, તથા ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧) બી મુજબ ગુન્હો દાખલ કરવામાં આવયો છે જેના કારણે રાજકારણ ગરમાવો જોવા મળ્યો છે.

સુખસરથી આફવા જતા માર્ગ ઉપર વગર વરસાદે પાણીની રેલમછેલ

પંચાલ ફળિયા ખાતે બિસમાર રોડમાં પાણીના ખાબોચિયા ભરાયા

આવતા જતા વાહનચાલકોને ખાબોચિયામાંથી પસાર થવાનો વારો આવે છે

(પ્રતિનિધિ) સુખસર, તા.1

સુખસરથી આફવા જતો મુખ્ય માર્ગ હાલ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે.ખાસ કરીને ગામની શ્રીજી ઇંગ્લિશ મીડીયમ સ્કૂલ પાસેનો રસ્તો ખરાબ થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓને સહિત વાહન ચાલકો અને રાહદારીઓ રોજબરોજ લાંબા સમયથી ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.રસ્તા ઉપર મોટા મોટા ખાડા પડી જવાથી આ ખાડાઓ મા ઘર વપરાશના પાણી ભરાવાના કારણે સ્કૂલ સુધી પહોંચવું મુશ્કેલ બની ગયું છે.સ્કૂલ સમય દરમ્યાન બાળકોને મુકવા આવતા વાલીઓને કાદવ અને પાણી ભરાયેલા રસ્તા ઉપરથી પસાર થવું પડે છે, જે જોખમી સાબિત થઈ રહ્યું છે. અનેક ટુ વ્હીલર વાહન ચાલકો આ રસ્તા ઉપરના ખાડાઓના કારણે પોતાનું વાહન સ્લીપ થતા શારીરિક ઈજાઓના શિકાર પણ બની રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ અહીંયા અવાર-નવાર ખાડા ઓ અને આ ખાડાઓમાં ભરાઈ રહેતા પાણીના કારણે બાઈક સવાર સ્લીપ થઈને પડતા જોવા મળે છે. થોડા મહિનાઓ બાદ ચોમાસાનું આગમન થશે અને આ રસ્તાની કામગીરી કરવામાં નહીં આવે તો ચોમાસા દરમિયાન આ રસ્તા ના કારણે અકસ્માતનો ભય વધી જાય તેવા સંકેત જણાઈ છે.

વિદ્યાર્થીઓના ની અવરજવર સાથે જોડાયેલ આ માર્ગની હાલતને લઈને વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.અનેક રજૂઆતો છતાં હજુ સુધી આ રસ્તાની રીપેરીંગ કામગીરી માટે ધ્યાન આપવામાં આવેલ નથી. સ્થાનિકકો સહિત રાહદારીઓ અને વાહન ચાલકોએ સુખસર થી આપવા જતા માર્ગ ઉપર પંચાલ ફળિયા ખાતે ઉબડખાબડ થયેલા રોડની તાત્કાલિક મરામત કરવા માંગ કરી રહ્યા છે. જેથી વિદ્યાર્થીઓ,વાલીઓ રાહદારીઓ તથા વાહન ચાલકોને સલામત રીતે આ માર્ગ ઉપરથી અવર-જવર મળી શકે તથા વાહન સ્લીપ થતા શારીરિક ઈજાઓના શિકાર થતા બચી શકે તેવી માંગ ઉઠવા પામેલ છે.

ફરિયાદી આરોપ સાબિત ન કરી શકતા નિર્ણય લેવાયો

૩.7 લાખના ચેક રિટર્ન કેસમાં કાલોલ કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂક્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.1

કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન ખાતે રહેતા અને ખેતી તથા વકીલાત કરતા ગીતાબેન બાબુભાઈ પરમાર દ્વારા કાલોલના આધાર મોલ પાસે સબર સોસાયટીમાં રહેતા ફિરદોષ સુલેમાન ગોરા સામે કાલોલ કોર્ટમા ચેક રીટર્ન ફરિયાદમાં જણાવ્યા મુજબ બન્ને વચ્ચે તા ૦૮/૧૨/૨૦૧૧ ના રોજ રૂ ૨૧ લાખની જમીન અંગેનું બાનાખત થયુ હતુ અને તેના બાના અને ટાઇટલ માટે જુદી જુદી તારીખમાં ફરિયાદીએ આરોપીને રૂ ૭ લાખ ચૂકવ્યા હતા જે જમીન આરોપીએ અન્ય ને વેચી દેતા નાણાં ચુકવવા માટે આરોપીના ભાઈ સીરાજ સુલેમાન ગોરા એ રૂ ૭ લાખનો ચેક આપ્યો હતો જે રિટર્ન થતા નોટિસ મળતા આરોપીએ અને ફરિયાદીએ તા ૧૭/૦૮/૨૨ ના રોજ નોટરી રૂબરૂ નવો કરાર કરી તા ૦૯/૦૩/૨૩ ના રોજ નો રૂ ૭ લાખનો આરોપીએ પોતાનો ચેક આપ્યો હતો જે ચેક ડ્રોવર સિગ્નેચર ડિફર ના શેરા સાથે પરત આવ્યો હતો જે અંગેની ફરિયાદ કાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ સમક્ષ ચેક રીટર્ન ની ફરિયાદ દાખલ કરી હતી આરોપી તરફે એડવોકેટ જે બી જોશી હાજર રહ્યા હતા આરોપીનો મુખ્ય બચાવ પોતે નિર્દોષ છે અને ફરિયાદીએ એટ્રોસીટી ની ફરિયાદ કરવાની ધમકી આપી દબાણ હેઠળ મેળવેલ દસ્તાવેજો ખોટી રીતે રજુ કરી સમય મર્યાદા બહાર ખોટો કેસ કરેલ છે. આરોપી તરફે એડવોકેટ જે બી જોશીએ ફરિયાદી ની કરેલ ઊલટ તપાસમાં ફરિયાદ વાળુ લ્હેણુ વર્ષ ૨૦૧૧/૧૨ નુ હોવાનુ સ્વીકારેલ તેમજ આરોપીને રૂ ૬,૫૦,૦૦૦/ આપેલ અને પોતાનું લ્હેણુ રૂ ૬,૫૦,૦૦૦/ નુ જણાવેલ છે જ્યારે હાલની ફરિયાદમાં રૂ ૭ લાખનું રકમ વાળો ચેક આપ્યો હોવાનું સ્વીકારેલ. ફરિયાદી એ પોતાની ઊલટ તપાસમાં સ્વીકાર કર્યો છે કે આરોપીના ભાઈ પાસેથી જ્યારે ચેક લીધો ત્યારે આરોપી પોલીસ કસ્ટડીમાં હતો. નોટરી એ પોતાની જુબાનીમાં એ વાતનો પણ સ્વીકાર કર્યો છે કે આરોપી ફિરદોષ ગોરાએ કરાર રદ કરવા માટે પોતાને જણાવ્યું હતું. તમામ હકીકતે જજમેન્ટ મુજબ તેમજ આરોપી તરફે એડવોકેટ જે.બી જોશીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી ફિરદોષ સુલેમાન ગોરા ને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો આદેશ ફરમાવ્યો છે.

મોટી બાંડીબારની પ્રાથમિક શાળાના સ્ટેજ પાસેજ ગંદકીનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

જ્યાં સ્વચ્છતાના પાઠ ભણાવવામાં આવે છે અને જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવે છે ત્યાજ સ્વચ્છતા નથી તો શાળામાં કેવું હશે? એ બાબત પણ વિચારવા કરવા લાયક છે આજ શાળામાં થોડા દિવસો પેલા સેવાસેતુ કાર્યક્રમ હતો અને આજ સ્ટેજ ઉપરથી લીમખેડા તાલુકાના મામલતદાર સહિત ૧૩ જેટલા અલગ અલગ વિભાગ ના કર્મચારીઓ પણ હાજર હતા છતાં પણ આ કચરો કોઈના ધ્યાન પર ન આવ્યો આટલા બધા ઝાડી ઝાખરા માં ઝેરી જંતુઓ પણ હોઈ શકે નાના નાના બાળકો જો ક્રિકેટ જેવી રમત રમતા હોય તો દડો પણ આ જગ્યામાં જાયતો લેવા જતા કોઈ ઝેરી જંતુ કરડવાનો પણ ભય જોવાઈ છે અને ત્યા જ પંચાયત ની કચરા કલેક્શન રીક્ષા પણ ભંગાર હાલત માં જોવા મળી સેવા સેતુના કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય વિભાગના કર્મચારીઓ પણ હાજર હતા તો શુ એમના દવારા પણ શાળા સંચાલકોને આ બાબત નું ધ્યાન ન દોરવામાં આવ્યું હોય આટલું મોટું સ્ટેજ અને આ સ્ટેજ પર તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળતા લોકોને આ ઝાડી ઝાખરા જોવાયા તો વહીવટી તંત્ર કેમ આ જોઈ સકતું નથી શુ શાળા કેમ્પસમાં આ યોગ્ય છે ખરું.

પ્રવેશોત્સવના તાયફાઓમા જર્જરીત જાહેર કરાયેલ શાળાના મકાન

દાહોદની ઝાલોદ રોડ કુમારશાળાના બાળકો ટેકનિકલ સ્કૂલના સુવિધા વિનાના ઓરડામાં ભણવા મજબૂર

(પ્રતિનિધિ) દાહોદ, તા.1

દાહોદ શહેરમાં ૧૯૭૦માં શરૂ થયેલ ઝાલોદ રોડ કુમાર શાળાનું મકાન અત્યંત જર્જરીત થઈ જતાં શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૦મા શાળાના તે મકાનને જર્જરીત જાહેર કરીને તંત્ર દ્વારા તે શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે દાહોદ શહેરમાં આવેલી ટેકનિકલ સ્કૂલના મકાનમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વાતને પણ છ વર્ષ વીતી ગયા, તેમ છતાં હજુ પણ જવાબદાર તંત્ર દ્વારા તે શાળાના જુના મકાનને ડિમોલિશન કરવાની કે નવા મકાનના બાંધકામની કોઈ કામગીરી શરૂ ન થતા તે શાળામાં ભણતા બાળકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.બાળકોને શાળામાં આવવા જવા માટે સરકાર દ્વારા વાહન વ્યવસ્થા કરાઈ પરંતુ વાહન પકડવા માટે દૂર સુધી જવું પડે છે. આ બાળકો માટે ટેકનિકલ સ્કૂલમાં અમુક રૂમ ફાળવવામાં આવ્યા છે. જ્યાં એક તરફ ટેકનિકલ સ્કૂલનો જુનો સામાન પડેલો જોવા મળી રહ્યો છે. તેમજ આ જ બિલ્ડિંગમાં સખી વન સ્ટોપ સેન્ટર પણ ચાલે છે. જેથી તે શાળામાં અભ્યાસ કરતા બાળકોને ચોક્કસપણે ખલેલ પહોંચે છે. સાથે જ ઓછા રૂમના કારણે બાળકોને ગેલેરીમાં પણ બેસાડવા પડે છે. શહેરના સ્ટેશન રોડ ઉપર ઇસવીસન ૧૯૭૦થી ઝાલોદ રોડ કુમારશાળા શરૂ કરવામાં આવી હતી. પરંતુ પાંચ દાયકા બાદ ઝાલોદ રોડ કુમાર શાળાના મકાનની હાલત અત્યંત જર્જરીત થઈ જતા તંત્રએ સાવચેતીના ભાગરૂપે બાળકોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નવું બિલ્ડીંગ બનાવવાની તજવીજ હાથ ધરી નવું મકાન બને ત્યાં સુધી તે શાળાના બાળકોને ટેકનિકલ સ્કૂલના બિલ્ડિંગમાં બેસાડવા માટે વાલીઓને સંમત કર્યા હતા. આ વાતને છ વર્ષ વીતી ગયા છતાં તંત્ર દ્વારા જર્જરિત મકાનનું ડિમોલિશન કરવાની કે નવા મકાનના બાંધકામની કોઈ જ તસ્દી લેવામાં ન આવતાં આ સમસ્યા સર્જાઈ છે.

સમગ્ર જિલ્લામાં ઠેરઠેર મંદિરોમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી થશે

હાલોલના કંજરી રોડ પર ભીડભંજન હનુમાન મંદિરે 44મા અખંડ રામાયણ પાઠનો પ્રારંભ થયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.1

હનુમાન જયંતિ પર્વને લઈ નગરના કંજરી રોડ ખાતે આવેલ શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે સતત ૪૪, મોં અખંડ રામાયણ પાઠનો પ્રારંભ બુધવારના રોજ થી વૈદિક મંત્રોચ્ચાર સાથે શરૂ કરવામાં આવ્યો હતો. જ્યારે હનુમાનજી (મારુતિ નંદન) ના ભક્તોમાં હનુમાન જયંતિને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે હાલોલ નગર ખાતે આવેલ શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર કંજરી રોડ તેમજ નગરની બહાર બીલીયાપુરા ખાતે આવેલ શ્રી બાલા ભોલા હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ ની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગુરૂવાર ના રોજ હનુમાન જયંતિ હોય ભક્તો માં હનુમાન જયંતીને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યા છે. ત્યારે નગરના કંજરી રોડ પર આવેલ શ્રી ભીડભંજન હનુમાનજી મંદિર ખાતે સતત ૪૪, મો અખંડ રામાયણ પાઠ બુધવારના રોજ થી શરૂ થયેલ જે ગુરૂવારે સવારમાં ૯.૦૦ કલાકે પુર્ણાહુતિ થશે, ત્યારબાદ મારુતિ યજ્ઞ નો આરંભ થશે જે પૂર્ણ થયા બાદ સાંજે ૫.૦૦ નગરના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા જેવા દિવસ ભરના ભરચક કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. જ્યારે નગરની બહાર આવેલ પૌરાણિક મંદિર શ્રી બાલા ભોલા હનુમાનજી મંદિર ખાતે ૧૧, કુંડી મારુતિ યજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે નગરના બંને પ્રસિદ્ધ હનુમાનજી મંદિર ખાતે મોડી સાંજે બંને મંદિરો ખાતે મહા આરતી બાદ વિશાળ પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.

સામાજિક હિત અને રાષ્ટ્રપ્રેમ પર પ્રવચન

સંજેલી દાઉદી વ્હોરા(બોહરા) સમાજમાં ધર્મગુરુ પધાર્યા

(પ્રતિનિધિ) સંજેલી, તા.1

દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનનું આગમન થતા જ નગરમાં અનેરો માહોલ જોવા મળ્યો હતો ત્યારે સર્વે સમાજ દ્વારા ભવ્યથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું . વિશ્વભરમાં વસેલા દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ પરમપાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સંજેલી ખાતે પધાર્યા હતા.આ સાથે જ તેમણે ગુજરાત અને પડોશી રાજ્ય મધ્યપ્રદેશના વિવિધ નગરોની તેમની મુલાકાતનો પ્રારંભ કર્યો છે.

સંજેલીમાં આવેલ હુંસામી મસ્જિદ ખાતે સૈયદના સાહેબના સ્વાગત માટે મોટી સંખ્યામાં સમાજના લોકો ઉમટી પડયા હતા. જેમાં સ્થાનિક સત્તાધિકારીઓ અને સમાજના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સંજેલી ખાતે પધારેલ બોહરા સમાજના ધર્મગુરુ એ સમાજના લોકોને વિવિધ સામાજિક સહિત રાષ્ટ્રપ્રેમ સહિતની બાબતોને લઈને પ્રવચન પણ કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

સંજેલી હુંસામી મસ્જિદ ખાતે પ્રવચન આપ્યું હતું જેમાં તેઓ પ્રમાણિકતા, સામાજિક જવાબદારી અને સમાજ સેવાના મૂલ્યો પર ભાર મૂક્યો હતો. સંજેલી નગરમાં દાઉદી વોહરા સમાજના ધર્મગુરુ ની ઈતિહાસ માં પ્રથમ વખત આગમન થતા સમાજમાં તેમજ નગરમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ત્યારે સર્વે સમાજ દ્વારા બોહરા સમાજના ધર્મ ગુરુજી સંજેલી ખાતે પધારતા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

બોડેલીના યુવાનને માર મારતા બેની અટકાયત

જાંબુઘોડાના ઉચેટ ગામે નકલી કિન્નર બનીને ફરતો યુવક ઝડપાયો

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.1

જાંબુઘોડા તાલુકાના ઉચેટ ગામ પાસે એક સાડી પહેરેલા યુવાન ને માર મારી નગ્ન કરતો વિડિઓ સામે આવતા આ વીડિયોને લઈ જાંબુઘોડા પોલીસ તુરંત હરકતમાં આવી આ માર મારનાર ડુમાં ગામ ના બંને યુવાનોને શોધી કાઢી અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે તા.25 ની આસપાસ રાત્રિના સમયે ડુમા ગામે લગ્નમાં ગણપતી સ્થાપના દરમિયાન બોડેલીના રહીશ 30 વર્ષીય કૃણાલ દરજી નામનો યુવાન સાડી પહેરી નકલી કિન્નર બની મોડી રાત્રી ના લગ્ન ની ભેટ રૂપે પૈસા માંગવા ઉચેટ ગામે પહોંચ્યો હતો જ્યાં લગ્નની ભેટ સ્વરૂપે પૈસાની માંગણી દરમિયાન થોડી રક જક થઈ હતી સાડી પહેરેલા યુવાનને જોઈ અને તેના બેહુદા વર્તનને લઈ ત્યા ની મહિલા ઓ ડરી જઈ યુવાન ને પૈસા આપી દેતા આ નકલી કિન્નર બનેલો યુવાન ત્યાંથી રવાના થઈ ગયો હતે. આ યુવાનોએ તેને રોકી રાત્રિના સમયે ઘરે આવી લેડીઝો સાથે ખરાબ વર્તન કરી પૈસા કેમ લઈ ગયો હતો તે મ જણાવતા બંને પક્ષે ઉગ્ર બોલા ચાલી થઈ હોવાનું તેમ જ બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા ડુમાં ગામ ના નીતિનભાઈ નરપતભાઈ બારીયા તેમજ ઉચેટ ગામના હિતેન્દ્રભાઈ રમેશભાઈ બારીયા એ બંને સાથે મળી સાડી પહેરીને આવેલા કૃણાલને મારમારી કપડા ઉતારી તેને નગ્ન કરી માનવતા ને શરમાવે તેવું કામ કર્યું હતું આ અંગે પોલીસે બેની અટકાયત કરી કાર્યવાહી કરી છે.

NAME CHANGE

My Old name was : Bipinchandra S. Parmar. Now, my new name will be Parmar Bipin Shantilal